ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૧ ટકા ● સાંજે ૫૯ ટકા

# શહેરમાં પોલીસની ફલેગ માર્ચ યોજાઈ

## કોરોનાના વધતા સંક્રમણ સામે જનજાગૃતિ માટે ગાંધીનગર પોલીસે શહેરના માર્ગો પર ફરીને નગરજનોને જાગૃત કર્યા






ગાંધીનગર, તા.૨૦

દિવાળીના દિવસો બાદ ગાંધીનગર શહેરમાં પણ કોરોના બેકાબુ બનતા તમામ સરકારી તંત્ર હરકતમાં આવી ગયા છે. જેને પગલે શુક્રવારના રોજ પોલીસ તંત્ર દ્વારા ફલેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. સેકટર-૨૧ શોંપીગ સેન્ટરથી સાંજના ૪ કલાકે શરુ થયેલ ફલેગ માર્ચ સાંજ સુધી શહેરના મુખ્ય માર્ગો અને સેકટરો સહિત ન્યુ ગાંધીનગરના કુડાસણ, રાયસણ અને સરગાસણ વિસ્તારમાં ફરીને નાગરીકોને કોરોનાના નિયમો અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. જયારે શહેરના મુખ્ય માર્ગો પર પોલીસનો કાફલો જોઈને નાગરીકો પણ અચંબામાં પડી ગયા હતા.

હાલના સમયે કોરોના પોઝીટીવ કેસના આંકડા શેરબજારની જેમ ઉંચે જઈ રહ્યા છે. અમદાવાદમાં કોરોના કેસમાં ઉછાળો નોંધાતા કર્ફયુ લગાવી દીધો છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા નાગરીકોને અપીલ કરવામાં આવી છે કે કોરોનાનું સંક્રમણ ફેલાય નહી, તે માટે દરેક વ્યકિતએ પોતાની જાતે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવાનું છે. જેથી આપણે પણ સુરક્ષિત રહીએ અને સમાજ પણ સુરક્ષિત રહે, કોરોનાને લગતી સરકારની ગાઈડ લાઈનનું ચુસ્ત પણે પાલન કરીએ.શહેરના જાહેર સ્થળો, શાકમાર્કેટ, શોંપીગ સેન્ટર, મોલ, થિયેટર, ગાર્ડન, હોટલ-રેસ્ટોરન્ટ, ખાણી-પીણી બજાર, ચા-નાસ્તા અને પાનની દુકાન પર વધુ વ્યકિતઓ એકઠા ન થવું. કામ વિના ઘરની બહાર નીકળવુ નહી અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવુ, મોંઢા પર માસ્ક પહેરવુ તેમજ હેન્ડવોશ-સેનેટાઈઝરનો ઉપયોગ કરવો જરુરી છે. વડીલો, બિમાર વ્યકિત, નાના બાળકોએ ઘરમાં રહેવું. તે ઉપરાંત કન્ટેન્ટમેન્ટ ઝોન અને હોમ કવોર્ન્ટાઈન લગતા નિયમોનું પાલન કરવું. કોરોના વધી રહેલા સંક્રમણને પગલે પોલીસ તંત્ર દ્વારા ફલેગ માર્ચ યોજીને નાગરીકોને જાગૃત કરાયા હતા. સેકટર-૨૧ થી શહેરના મુખ્ય માર્ગો, સેકટરો, ઘ-૦, ચ-૦, ખ-૦, રીલાયન્સ ચોકડી, શાહપુર ચોકડી કુડાસણ, સરદાર ચોક સહિતના રૂટ પર ફલેગ માર્ચ યોજાઈ હતી. જેમાં પોલીસ કાફલામાં મોટી સંખ્યામાં પોલીસના અધિકારી-જવાનો હાજર રહ્યા હતા.

## આજે પીડીપીયુનો પદવીદાન સમારોહ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના રાયસણ સ્થિત પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીમાં ૨૧ નવેમ્બરના રોજ આઠમા પદવીદાન સમારોહ પ્રસંગે પાંચ સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલીટીઝનું ઉદઘાટન માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદઘાટન કરાશે. આ પ્રસંગે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને પીડીપીયુ બોર્ડ ઓફ ગર્વનર્સના પ્રેસડિન્ટ મુકેશ અંબાણી આ પ્રસંગે પ્રમુખ સ્થાને રહેશે.

લગભગ ૨૬૦૦ જેટલા યુવાન અને ઉર્જાવાન વિદ્યાર્થીઓને આ પ્રસંગે ડીગ્રી સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે. અત્યારની કોવિડ-૧૯ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આ નવી ફેસિલિટિઝના ઉદઘાટન સહિતનો આ આખો કાર્યક્રમ પીડીપીયુના ડિજિટલ પ્લેટફોર્મ convocation2020.pdpu.ac.in પર યોજાશે. આ પ્રસંગે ૪૦થી પણ વધારે સ્કોલર્સને પીચએડીની ડીગ્રી એનાયત થશે તો સાથે ૭૭ જેટલા વિદ્યાર્થીઓને મેડલ્સ ઓફ મેરિટ પણ એનાયત કરવામાં આવશે. આ સમારોહ સવારે નવ વાગ્યાથી ડિજિટલ પ્લેટફોર્મ પર નિહાળી શકાશે.

## નીતિ આયોગના બેસ્ટ પ્રેક્ટિસિસ રિપોર્ટમાં આઈઆઈટીઈનો સમાવેશ

### નીતિ આયોગના અહેવાલમાં સ્થાન પામેલી દેશની ૨૩ સંસ્થાઓમાં ગુજરાતમાંથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશનનો સમાવેશ


ગાંધીનગર, તા.૨૦


દેશના વિવિધ ક્ષેત્રોમાં વિકાસ માટે નીતિઓના ઘડતર માટે રચાયેલા નીતિ આયોગ દ્વારા માનવ સંસાધન વિકાસ ક્ષેત્રે પ્રયોજવામાં આવતી બેસ્ટ પ્રૅક્ટિસિસમાં સમગ્ર દેશમાંથી પસંદ થયેલી ૨૩ સંસ્થાઓમાં ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન—આઈઆઈટીઈને સ્થાન મળ્યું છે. ગત ઓક્ટોબર માસમાં તૈયાર કરવામાં આવેલા આ અહેવાલને નીતિ આયોગની ડેવલોપમેન્ટ મોનિટરિંગ એન્ડ ઈવેલ્યુએશન ઓફિસ દ્વારા 'બેસ્ટ પ્રૅક્ટિસિસ કમ્પેન્ડિયમ – હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ સેક્ટર' શીર્ષકથી તૈયાર કરવામાં આવ્યો છે.

આ અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, પૂર્વ-સેવા શિક્ષકો પ્રશિક્ષણમાં ગુણવત્તાના પ્રશ્નો, તાલીમનો સમય, તાલીમના અભ્યાસક્રમ, તાલીમાર્થીઓની ગુણવત્તાનું સ્તર, અને તેમના પ્રમાણીકરણ જેવા પ્રશ્નો સમગ્ર ભારતમાં જોવા મળી રહ્યા છે. આ સમયે શિક્ષક પ્રશિક્ષણ માટેની એક સમર્પિત યુનિવર્સિટીની સ્થાપના અને તેની સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો સહિતની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓના જોડાણથી ઘણી સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય તેવી વ્યવસ્થા તરીકે આઈઆઈટીઈને બેસ્ટ પ્રૅક્ટિસિસના આ અહેવાલમાં સ્થાન મળ્યું છે.

આઈઆઈટીઈને દેશની ૨૩ સંસ્થાઓમાં મળેલા સ્થાન વિશે યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું કે, 'શિક્ષક પ્રશિક્ષણ વિદ્યાશાખામાં જોવા મળતાં સંખ્યાબંધ પડકારો સામેના એક અસરકારક અને સંભવિત ઉકેલ તરીકે આઈઆઈટીઈને આ અહેવાલમાં સ્થાન મળ્યું છે, તે બાબત ફરી એકવાર આપણા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આ યુનિવર્સિટીની સ્થાપના વખતે ગુણવત્તાયુક્ત શિક્ષકોના ઘડતર માટેના સંકલ્પનું અનુમોદન છે. અમે એક ઉદાહરણરૂપ વ્યવસ્થા તરીકે આઈઆઈટીઈને શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રમાં વધુ ઉત્કૃષ્ટતા તરફ લઈ જવા માટે સતત કાર્યશીલ રહીશું.' વર્ષ ૨૦૧૯ના ઓગસ્ટ માસમાં નીતિ આયોગ દ્વારા માનવ સંસાધન વિકાસ ક્ષેત્ર હેઠળ કાર્યરત્ વિવિધ યોજનાઓના અમલીકરણને સઘન બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સહાય પામતી યોજનું એક મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું હતું. આ મૂલ્યાંકન અહેવાલમાં સમગ્ર દેશની શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલી શ્રેષ્ઠ વ્યવસ્થાઓ અને તેમન દ્વારા થયેલા સકારાત્મક પરિવર્તનની નોંધ લેવામાં આવી છે.

## જન્મદિને વધામણી


મિહિરભોજસિંહજી કુલદીપસિંહજી દેવડા


રતનસિંહ મનુભા વાઘેલા
મો. ૯૮૯૮૮ ૨૧૭૪૬


શિલ્પાબેન શાહ
લાયોનેસ કલબ


હાર્દ બ્રહ્મભટ્ટ
૯૯૨૫૦૨૦૩૯૧


ધ્યેય વિશાલ બ્રહ્મભટ્ટ


અમિત બી મેવાડા

## બે વ્યકિત સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૦

રાજયમાં દિવાળીના દિવસો બાદ કોરોના કેસમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. કોરોનાનો ગ્રાફ નીચે આવવાને બદલે ઉંચે ને ઉંચે ઝડપથી જઈ રહ્યો છે. ત્યારે અમદાવાદમાં શુક્રવારના રાત્રીના ૯ કલાકથી રવિવાર સુધી કર્ફયુ લાદી દેવાયો છે. જેને પગલે શહેરમાં પણ વધી રહેલા કોરોના સંક્રમણના કેસને પગલે પોલીસ તંત્ર કામે લાગી ગયું છે. શહેરના મુખ્ય પ્રવેશદ્વાર શાહપુર ચોકડી, રીલાયન્સ સર્કલ, ઘ-૦, ચ-૦, સરગાસણ ચોકડી, સેકટર-૩૦, ક-૭, સહિત સર્કલો પર પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જયારે તંત્ર દ્વારા શહેરમાં પ્રવેશતા તમામ વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જયારે કોરોનાને પગલે માસ્ક વિના નાગરીકો પાસેથી દંડનીય કાર્યવાહી પણ શરુ કરવામાં આવી છે. ત્યારે અડાલજ પોલીસ દ્વારા ગુરુવારના રોજ સાંજના સુમારે માસ્ક વિના ફરતા બે નાગરીકો સામે ગુનો નોંધ્યો છે. અડાલજ ગામમાં બીએસએનએલ કચેરી પાસે આવેલી નોનવેજની લારી પર હુસેન સાબીરમિયા કાઝી (ઉં.૨૩) માસ્ક વિના ધંધો કરતો હતો.જયારે તપોવન સર્કલ નજીક દિનેશ પશાભાઈ ગોહિલ (ઉં.૨૯) માસ્ક વિના જોવા મળ્યા હતા. અડાલજ પોલીસે બન્ને શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



શિયાળો શરૂ થયો છે ત્યારે શાકમાર્કેટમાં લીલી શાકભાજીની આવક વધી છે. રંગબેરંગી શાકભાજી શાકમાર્કેટમાં જોવા મળી રહી છે. જો કે હાલમાં ભાવ ખૂબ જ ઉંચા હોવાથી ખરીદી મંદ છે. હજુ આગામી દિવસોમાં શાકભાજીની આવક વધશે પછી ભાવમાં સારો એવો ઘટાડો થશે.

## દિવાળી નિમિત્તે ગીફટ વિતરણ કરાઈ

ગાંધીનગર, તા.૨૦

મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ, જલારામ સદાવ્રત ગાંધીનગર અને લાયન્સ કલબ ઓફ ફોર્ટ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે દિવાલીના પર્વ નિમિત્તે સફાઈ કામદાર, પોલીસ કર્મી, જુનિયર સિટીઝન કાઉન્સીલ ખાતે, રીક્ષા ડ્રાયવર તેમજ અન્ય જરૂરિયાતમંદ લોકોને ફુડ પેકેટ, માસ્ક અને સેનેટાઈઝરનું પ્રેસીડન્ટ વિભાબેન ઠકકર, રાજેશભાઈ ભાવસાર, હેત પરમાર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ વિતરણનો લાભ અનેક લોકોને મળતાં તેઓના ચહેરા ઉપર હર્ષ તેમજ આનંદની લાગણી જોવા મળી હતી.








કોરોના કાળમાં આવેલા પર્વોએ સોશિયલ ડિસ્ટન્સના નિયમો ભુલવાડી દીધા હોય તેવુ લાગી રહ્યુ છે. ધાર્મિક સ્થળો ખુલી ગયા છે ત્યારે આપણે સામાજિક જવાબદારી ભુલીને મંદિરોમાં ભારે ભીડ કરી રહ્યા છીએ. સ્વામિનારાયણ મંદિરમાં નવા વર્ષે ભાવિકોની ભીડ જોવા મળી હતી. પંચદેવ મંદિર ખાતે કરવામાં આવેલી રોશની જોવા પણ વસાહતીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. નાયી કાન્તીલાલ આત્મારામ, ઉ.વ. ૬૮, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. મુકતાબેન સામજીભાઈ રાવલ, ઉ.વ. ૭૨, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ ધુળીબેન રામાભાઈ, ઉ.વ. ૬૨, ટીંટોદણ, તા. વિજાપુર, મહેસાણા
- સ્વ. બળદેવભાઈ માથાલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૩, કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. પ્રજાપતિ જડીબેન ડાહ્યાભાઈ, ઉ.વ. ૭૪, તારાપુર, જી. ગાંધીનગર
- સ્વ. પટેલ કનૈયાલાલ જીવાભાઈ, ઉ.વ. ૬૦, કઠવાડા, અમદાવાદ
- સ્વ. ઠાકોર વિરમજી ભવાનજી, ઉ.વ. ૪૫, વણસોલ, તા. કડી
- સ્વ. ગોવિંદભાઈ અંબાલાલ કુંભાર, ઉ.વ. ૬૭, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. જાની રક્ષાબેન રમેશચંદ્ર, ઉ.વ. ૭૧, સે-૫, ગાંધીનગર
- સ્વ. નાયી ગિરીશભાઈ અંબાલાલ, ઉ.વ. ૫૨, ઉનાવા, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર મણીબેન પ્રભાતજી, ઉ.વ. ૭૯, સે-૧૫, ફતેપુરા, ગાંધીનગર
- સ્વ. મોદી જનકભાઈ રતિલાલ, ઉ.વ. ૬૮, નારણપુરા, અમદાવાદ
- સ્વ. સોની પરેશકુમાર મણીલાલ, ઉ.વ. ૫૪, વિજાપુર, જી. મહેસાણા

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**


- સ્વ. દેવકાબેન મેઘજી છેડા, ઉ.વ. ૯૪ અડાલજ, જી. ગાંધીનગર

## પારસમણિ 'રંગબેરંગી રંગોળી' સ્પર્ધાનો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

દિવાળીના ઝળહળતા પર્વને ઉમંગભેર વધાવવા માટે પારસમણિ ફાઉન્ડેશન દ્વારા 'રંગબેરંગી રંગોળી' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સાંસ્કૃતિક પરંપરાને આગળ ધપાવી ઘર આંગણે રંગોળી પુરાય એવા ઉદ્દેશ્ય સાથે આ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. બે વર્ષ અગાઉ પણ ઘરઘરની રંગોળીની સ્પર્ધા પારસમણી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કરવામાં આવી હતી એની સફળતા બાદ આ વખતે કોરોના વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને અનોખી રંગોળી સ્પર્ધાનું આયોજન પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું.

નિ:શુલ્ક યોજાયેલી આ 'રંગબેરંગી રંગોળી' સ્પર્ધા ચાર વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં આઠ વર્ષથી લઈને ૬૨ વર્ષ સુધીના વિવિધ વયનાં પરિવારનાં સભ્યોએ આ સ્પર્ધામાં ૬૫ સભ્યોએ ભાગ લીધો હતો. વિજેતા સ્પર્ધકને ઈનામ આપીને જાહેરમાં સન્માનિત કરવાનો કાર્યક્રમ લાભપાંચમના દિવસે સ્વામિનારાયણ ગુરુકુળ હાઈસ્કૂલ ખાતે સ્પર્ધાના કો-ઓર્ડીનેટર રિદ્ધિ થોરાત અને સહ કો-ઓર્ડીનેટર તરિશી મહિપતસિંહ પરમાર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.





કાર્યક્રમની શરૂઆત તરિશી પરમાર દ્વારા શાબ્દિક સ્વાગતથી કરવામાં આવ્યું હતું. શાસ્ત્રીય રાગ દરબારી પર આધારિત પ્રાર્થના પારૂલ મહેતા અને સેજલ વાળા દ્વારા પ્રસ્તુત કરવામાં આવી. કાર્યક્રમનું દિપ પ્રાગટય આમંત્રિત મહેમાન મેયર શ્રીમતી રીટાબહેન પટેલ, ડો. પૌલમી પરમાર અને સંજય થોરાત દ્વારા કરવામાં કરવામાં આવ્યું હતું. રિદ્ધિ થોરાતે પારસમણિ ફાઉન્ડેશનના કાર્યક્રમની માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબહેન પટેલ અને ગાંધીનગરના જાણીતા ડેન્ટિસ્ટ ડો. પૌલમી પરમાર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. મેયર શ્રીમતી રીટાબહેન પટેલે ભારતીય રંગોળી પરંપરાને આગળ ધપાવવાના શ્રેષ્ઠ પ્રયત્નને બિરદાવ્યો હતો. પારસમણિ ફાઉન્ડેશનના અધ્યક્ષ સંજય થોરાતે પાંચ સ્પર્ધકના ઘરે જઈને રંગોળીનું પ્રત્યક્ષ અવલોકન કર્યુ હતું. કાર્યક્રમ દરમિયાન સૌને સ્પર્ધાની રંગોળીનું પ્રોજેકટર દ્વારા નિદર્શન કરવામાં આવ્યું હતું.

'રંગબેરંગી રંગોળી' સ્પર્ધામાં દેવીના પટેલ, ફોરમ ચૌહાણ, નિયાશી પરમાર, પ્રિયંકા ગુપ્તા, હીમા વોરા, બીનલ વાઘેલા, મહેન્દ્ર ઠાકોર, રૂચિ લતાડ, લિપિ ઓઝા, પારૂલ મહેતા, ધારા પારેખ, વંશ દોશી, માનુશ્રી પટેલ, મિલ્સી કાપડિયા વિવિધ શ્રેણીમાં વિજેતા થયાં હતાં. વિજેતાને ટ્રોફી અને પ્રમાણપત્ર મેયર શ્રીમતી રીટાબહેન પટેલ, ડો. પૌલમી પરમાર અને સંજય થોરાતના હસ્તે આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન રિદ્ધિ થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે કાર્યક્રમને સફળ બનાવવા તરિશી પરમાર, રૂપીન શાહ, લતા શુક્લ, સાયલી પાટીલે સેવા આપી હતી. કાર્યક્રમના અંતે સૌને અલ્પાહાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સનું ધ્યાન રાખવામાં આવ્યું હતું.